**CC.No.1786/2022**

## <u>:: આરોપીની કબુલાત નીચે હુકમ ::</u>

---

બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી. **ડી.વી. સાયાણી**

---

(૧) ફરિયાદપક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પ્રોહી. કલમ–૬૫ એ.એ. મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ અને આરોપી હાજર થતાં પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કરી પ્લી રેકર્ડ કરતાં આરોપીને ગુન્હા કબુલવા કરવા બાબતે પુછતા આરોપીએ સ્વૈચ્છિક રીતે રાજીખુશીથી ગુન્હાની કબુલાત કરેલ તેમજ અલગ કબુલાત પુરસીસ પણ આપીને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપી ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતાં હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.

(૨) આરોપી સામે બોમ્બે **પ્રોહી. ધારાની કલમ–૬૫ એ.એ.** મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આજરોજ **નેશનલ લોક અદાલત**નું ધ્યાને લેતાં તેમજ **નામદાર ગુજરાતની વડી** અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર., ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરજીભાઈ ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે, તે સંજોગોમાં ઓછામાં ઓછી સજા અને દં ડ કરવો ન્યાયોચિત માની કાયદાએ સૂચવેલ ન્યૂનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**CC.No.1786/2022**

**–:: હુ ક મ ::–**

આરોપી–**ગોવુભા મુરૂજી જાડેજા, ઉ.વ.–પુખ્ત, રહે. સલાયા ગામ, તા. ખંભાળીયા, જિ. દેવભુમિ દવારકા** નાઓને ક્રિ.પ્રો. કોડ ની કલમ–૨૫૨ અન્વયે **પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ.એ.** મુજબના ગુન્હામાં તકસીરવાર ઠરાવી **કોર્ટ ઉઠતાં સુધીની સજા** અને **રૂા.૫૦૦/–** અંકે રૂપીયા( પાંચ સો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- જો આરોપી ઉપરોકત ગુનામાં દંડ ન ભરે તો દિન–૧૦ (દશ) લેખે સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.
- જો આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હોય તો તે દિવસો ક્રિમી.પ્રો. કો.ક.૪૨૮ મુજબ બાદ આપવા.

આજરોજ **તા.૧૬**, માહે **માર્ચ** સને **૨૦૨૩,** ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તા.૧૬–૦૩–૨૦૨૩**
સ્થળ : ખંભાળીયા.

**( વી.વી.જોષી )**
જયુડી.મેજી.ફ.ક.,
મુ. ખંભાળીયા. જી.દેવભુમી દવારકા,
જી.જે.૦૧૪૦૩.